

પોલાં અને ઠાલાં જાય છે ચૂંટણી વચન!
ને ગળાંની ફાંસ થાય છે ચૂંટણી વચન!
પશુ જેમ ફાડી જાય છે ચૂંટણી વચન!
સત્તામાં દુશ્મન થાય છે ચૂંટણી વચન!
('સત્તા'-'આપ'નું છંછુંદર બન્યું)

ચીની માટીનો,
ઉદ્યોગ અળખામણો -
ચિંતા ભઠ્ઠીમાં..
(સરકારની અવગણના)

કરે ઇરાદા,
જે જુઠ્ઠા વાયદાથી -
ગેર ફાયદા!
(ઇમેજ બગડે છે)

ચિંતન

પત્રં નૈવ કરીર વિટપે દોષો વસંતસ્ય કિં નોલુકો અપ્યવલોકતે યદિ દિવા સૂર્યસ્ય કિં દુષણં ।
વર્ષા નૈવ પતન્તિ ચાતકમુખે મેઘસ્ય કિં દુષણં યત્પુર્વ વિધિના લલાટ લિખિતં તન્માર્જિતુકઃ ક્ષમઃ ॥

'ચાણક્ય નીતિનો આ શ્લોક વિધિ-વિધાતા ભાગ્યનું મહત્ત્વ દર્શાવે છે -

જો કરીરનો છોડ (કેર-કેરાં જેનું આપણે ત્યાં અથાણું થાય છે) તે છોડ પર વસંતઋતુમાં પણ પાંદડાં ઉગતાં નથી અને છોડ સૂકો ભઠ્ઠ પડ્યા રહે છે એમાં વસંતઋતુનો શું દોષ? (કેરના છોડ પર ઉનાળામાં સીધા લાલ ફળ લાગે છે તે - કેર).'

ઘુવડ પક્ષી દિવસના જોઇ શકતું નથી એને રાત્રિનો રાજા કહેવાય છે. અહીં કવિએ એટલે જ કહ્યું છે કે એ દિવસે જોઇ નથી શકતું એમાં સૂર્યનો દોષ-સામાન્યતઃ પ્રકાશમાં જ બધું દૃશ્યમાન થતું હોય છે.

ચાતક માત્ર વરસાદનું જ પાણી ચાંચમાં ઝીલી પોતાની તૃષ્ણાને સંતોષે છે. આમ ચાંચ ખૂલ્લી રાખી વરસતાં વાદળ સામે ચાતક જોતું રહે અને તેની ચાંચમાં જલબિંદુ-ટીપાં ન પડે એમાં વરસાદનો શું દોષ?

આ બધું વિધાતા દ્વારા સૌના ભાગ્યમાં વિધાતા દ્વારા લખેલું હોય છે. સંસારમાં ભાગ્યના લેખ મુજબ જ બધું થતું રહે છે એ માનવીએ એ બધું ભોગવવું પડે છે એને કોઇ મિટાવી નથી શકતું.

સુવિચાર

- શ્રેષ્ઠ માનવીઓએ અહંકાર, જડતા, નિદ્રા, અસાવધાની, શત્રુની ગતિવિધિ પ્રત્યે લાપરવાહી, પોતાના મુખ ઉપર આવનારા હૃદયનાં ભાવો, દુષ્ટ સલાહકારો, મુર્ખાઓ પ્રત્યે વિશ્વાસ, આ બધાથી સાવચેત રહેવું જોઇએ. ***- વિદૂર નિતિ***
- પાંચ ઇન્દ્રિયો વાળા મનુષ્યની જો એક પણ ઇન્દ્રિય તેના વશમાં ન હોય તો તેની બુદ્ધિ મશકના છિદ્રમાંથી ટપકતા પાણીની જેમ ધીમે ધીમે નષ્ટ થઇ જાય છે. ***- ઓશો***
- મતભેદ વ્યક્ત કરનારો માણસ એક વિચારને સ્થાને બીજો વિચાર લાવવા ઇચ્છે છે, અને સહિષ્ણુ માણસ વિચાર નષ્ટ થઇ શકે તેમ નથી એવું જાણતા જ વિચાર માંડનારી વ્યક્તિને જ નષ્ટ કરવા ઇચ્છે છે ***- પુ.લ.દેશપાંડે***
- મળી છે કાયા માનવની, જગતમાં ધૂપસળી થાજો, સુગંધી અન્યને દેવા તમે ખુદ બળી જાજો ***- જનકલ્યાણ***
- સૂની સિતારને આપે રાગ આપ્યો છે, વેરાન રણને આપે બાગ આપ્યો છે, ઉપકાર આપનો શે ભૂલી જઇએ ગુરૂવર, આપે અમને સન્માર્ગ આપ્યો છે ***- જનક મહારાજ***
- આપણી કોઇ પણ ક્રિયાથી કોઇને પણ જરા પણ દુઃખ ન થાય આ ભાવ 'સેવા'...- ***અમૃતબિંદુ***
- જીવનની અંદર અંદર થતાં ઘર્ષણ નથી ગમતાં, બનાવટ હોય જેમાં મને એ સગપણ નથી ગમતાં ***- જલન માતરી***

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

સાધુ-સંતો-વિદ્વાન-પંડિતો-જ્ઞાની કથાકારો પછી જ્ઞાનનો ઉપયોગ પોતાની પ્રખ્યાતી કે ગુજરાન ચલાવવા માટે કરે છે આમાં 'જ્ઞાન'નું પ્રદર્શન-વેચાણ જ છે. જો 'દિવ્યજ્ઞાન' પ્રાપ્ત થઇ જાય પછી એને માટે સત્સંગ-વ્યાખ્યાન-પ્રચાર-કથા જેવું કંઇ જ રહેતું એ ઇશ્વરમય થઇ ઇશ્વરમાં ખોવાઇ જાય છે. ઇશ્વર માટે જ એનો 'જ્ઞાન' નો સીધો વાર્તાલાપ થાય છે. બીજાને સુધારવાનો ઠેકો લઇને ન બેસાય.

એક સંસ્કૃતિનો વિદ્વાન રાજા હતો- એને પોતાના 'જ્ઞાન'નું જ ખૂબ અભિમાન હતું. ઇશ્વર-આત્મા-મોક્ષ-સ્વર્ગ નર્ક બધાની ઉડાણપૂર્વક ચર્ચા કરી શકતો.

પછી એ જ્ઞાની-વિદ્વાન-પંડિતો-સંતોને બોલાવી-આધ્યાત્મિક ચર્ચાના નામે તેમને હરાવી પોતાની 'જ્ઞાની' તરીકેની 'આણ' ફેલાવતો. 'ઇશ્વરીય તત્ત્વ'થી એ યોજનો દૂર હતો.

એક સૂફી સંત ફાટેલ-તૂટેલ વસ્ત્રો સાથે આવ્યો એને સમાચાર મોકલ્યા હતા કે આજે હું જ્ઞાનની ચર્ચા કરી રાજાનું અભિમાન છોડાવીશ-રાજાએ પણ ફરી ઉપર ઉપરથી જ્ઞાન તાજું કરી રાહ જોઇ બેઠો હતો.

ઓલીયો-ફકીર આવ્યો. છેક રાજગાદી સુધી પહોંચી રાજાને નમન કર્યા વિના જ દરબારીઓને 'વ્યાખ્યાન' આપવા લાગ્યો. રાજા, ગુસ્તાખી માટે ગુસ્સે થયો. જેલમાં પૂરવા આદેશ કર્યો.

ફકીરે હસતાં હસતાં કહ્યું, રાજા, ભગવાન તો રાજાનો પણ રાજા છે તું એને નમન કર્યા વિના સીધી એના દરબારી જેવા સંતો સાથે જ વાર્તાલાપ કરે છે તો એ કેટલો ગુસ્સે થશે? તેને જેલમાં નહીં પૂરે?! રાજાને હવે સાચું જ્ઞાન થયું. ઓલીયાને વંદન કર્યા..

Email - sureshchandrabhatt18@gmail.com

સારો પ્રવાસી એ છે જેને ઉદ્ગમસ્થાન અને ગંતવ્યની તમા કર્યા વગર માત્ર ચાલવામાં જ રસ હોય છે

અક્ષયપાત્ર

- બદુલ દવે

કવિતા : લાગણીનો રણકાર

Most People ignore most poetry because most poetry ignores most people.

- Andrian Mitchel

(મોટા ભાગના લોકો ઘણું ખરૂં કવિતા વાંચવાનું ટાળે છે; કારણ કે ઘણા કિસ્સામાં કવિતા માણસને ટાળે છે.)

અંગ્રેજ કવિ, નવલકથાકાર અને નાટ્યકાર એન્ડ્રિયન મિશેલે કહ્યું છે, તે સ્થિતિ આજે પણ છે જ. ઊલ્ટું આજે એ વિધાન વધુ પ્રસ્તુત જણાય છે. કવિતા એવો સાહિત્યપ્રકાર છે જે સૌ કોઇને સહજ રીતે પ્રાપ્ત થઇ ન શકે. હૃદય અને મનની એક સૂક્ષ્મ ભાવાત્મક ક્ષણે કવિતાનું પ્રાગટ્ય શક્ય બનતું હોય છે. એમાં અનહદનો નાદ હોય છે અને અનલહક પણ. આથી જ કવિઓ ઇશ્વરની વધુ નિકટ હોય છે અને માણસની પણ. શબ્દ એ કવિતા માટે જમ્પિંગ બોર્ડ છે. એના સહારે કવિ અનંતમાં છલાંગતો હોય છે. જમ્પિંગ બોર્ડનું મહત્ત્વ છે પણ કવિતામાં એના પછી જ ઘણું વિશેષ હોય છે. સુરેશ જોષીએ કહ્યું છે કે કવિતા શબ્દો દ્વારા નહીં પણ બે શબ્દો વચ્ચે અવકાશ છે તે થકી પ્રગટ થાય છે.

કવિતા મૌનમાં જવાની તપસ્યા છે. એ સ્થૂળથી સૂક્ષ્મ તરફની યાત્રા છે. કદાચ આથી જ સંતોને કાવ્ય દ્વારા પરમને પામવા પ્રયત્નો કર્યા, ગદ્ય દ્વારા નહીં. કવિતાનાં પુસ્તકો ઓછાં વંચાય છે અને વેચાય છે તે બાબતને એક તરફ રાખીએ તોપણ એ જરૂર કહી શકાય કે કવિતા બીજા ઘણી રીતે માણસને દૂર ને દૂર થઇ રહી છે. આનું કારણ, માણસ કવિતાનો સ્પર્શ ન અનુભવી શકે એટલો સંવેદનહીન થઇ ગયો છે કે પછી કવિતાએ એની નજાકત, લય અને માર્મિક અભિવ્યક્તિ કોઇ દીધી છે?

કવિતાને દોષ દઇ શકાય તેમ નથી. સમયે સમયે સમાજમાં ઉત્તમ મનુષ્યો આવતા રહ્યા છે તેમ દરેક સમયે શ્રેષ્ઠ કાવ્યધારા નિરંતર વહેતી રહી છે. દરેક સમયે સારી કવિતાઓ આપણી ભાષાનું ઘરેણું બનતી રહી છે અને સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો પણ.

આજે કેટલીક કવિતાઓ દુર્બોધ અને સંદિગ્ધ જણાય છે. તેનું કારણ એ હોઇ શકે એમાં માણસની વાત નથી હોતી. મનુષ્યને ઢંઢોળે એવી એ સત્ત્વશીલ નથી હોતી. તરત જ હૈયામાં સ્થાન મેળવી લે અને હોઠ પર રમતી થઇ જાય એવી આત્મીયતાનો એમાં અભાવ હોય છે. એ 'કવિતા' શબ્દ રમત બનીને રહી જાય છે. એવી રચનાથી કદાચ વિવેચકને રિઝાવી શકાય અને ઇનામ પણ મળી જાય પણ તેથી શું? આ પ્રકારની કવિતાઓ પ્રયત્નથી રચાતી હોય છે, વાસ્તવમાં, માણસ સાથે નિસબત ધરાવતી કવિતા જ માણસની સંવેદનાને ધાર કાઢી આપતી હોય છે, જે અનાયાસે પ્રગટી હોય છે. કવિ જહોન કિટ્સે એમના કવિમિત્ર જહોન ટેલરને લખ્યું હતું કે જો કવિતા વૃક્ષ પર પાંદડાની જેમ સહજ ફૂટતી ન હોય તો તે વધુ સારૂં છે કે તે ન આવે...

કવિતા એ સૂક્ષ્મ ભાવોને પોતાનામાં સમાવી લેતી 'પેનડ્રાઇવ' છે. 'એકોહમ બહુસ્યામ્' નો કવિતામાં પડઘો પડે છે. એમાં ટૂંકી વાર્તાનો રસ હોય છે, લલિત નિબંધના ગદ્યની છટાનો આસ્વાદ હોય છે.

અમેરિકન પત્રકાર ડોન માર્કવિસે આ વાતને સરસ રીતે કહી છે : 'કવિતા લખવી એ ઊંડી ખીણમાં ગુલાબની પાંદડી નાખી તેનો પડઘો પડવાની પ્રતીક્ષા કરવી.'

માનવજાત માટે - હિંસા, કોલાહલ અને અજ્ઞાનમાં ખદબદતા આ વિશ્વમાં કવિતા મોટું આશ્વાસન છે. ઉત્તમ કવિતાની સાથે માણસની નિસબત રહેશે જ.

ચરૈવેતિ... ચરૈવેતી...

બહતા પાની નિર્મલા, બંધ ગંધિલા હોય ।
સાધુ જન રમતે ભલે, દાગ ન લાગે કોય ॥

- કબીર

(વહેતું પાણી નિર્મળ હોય છે અને બંધિયાર ગંદુ. એટલે સાધુએ ફરતા રહેવું, જેથી એને ડાઘ ન લાગે.)

Running water is always clean. કુદરતી રીતે વહેતું પાણી હંમેશા સ્વચ્છ અને પારદર્શક હોય છે. વહેતા પાણીમાં **Liveliness** જીવંતતા પ્રતીત થતી હોય છે. એમાં લયબદ્ધ જળરવનું સંગીત પણ અનુભવાય છે. એનાથી ઊલટું, બંધીયાર પાણી બેજાન હોય છે. એનામાં કદરૂપી નીરવતા હોય છે.

ઉપનિષદમાં કહ્યું છે, 'ચૈરવેતિ-ચૈરવેતિ'. ચાલતો રહો, ચાલતા રહો. તમે ક્યાંથી આવો છો તે મહત્ત્વનું નથી અને તમે ક્યાં જવાના છો તેની તમને ખબર ન હોય તો પણ કોઇ વાંધો નથી. બસ, ચાલતા રહો, સ્કોટિસ નવલકથાકાર રોબર્ટ લુઇ સ્ટિવન્સને લખ્યું છે, **'I travel not to go anywhere but to go.'** એટલે કે હું ક્યાંક જવા માટે નહીં, પણ ચાલવા માટે ચાલું છું. સારો પ્રવાસી એ છે જેને ઉદ્ગમસ્થાન અને ગંતવ્યની તમા કર્યા વગર માત્ર ચાલવામાં જ રસ હોય છે.

પણ ચાલવું એટલે શું? માત્ર પગ દ્વારા ચાલવું તે જ? ચાલવાનો એક પ્રકાર છે, જેમાં પગ જ ચાલતા હોય છે. એમાં શરીર એક જગ્યાએથી બીજી જગ્યાએ જતું હોય છે. બીજા પ્રકારમાં શરીરના પ્રવાસ સાથે મન અને હૃદય પર સંલગ્ન હોય છે. ચાલવાની ક્રિયા કુદરત સાથે સંવાદ રચી આપે ત્યારે તે આધ્યાત્મિક બની રહે છે. સમાજ સાથે સંવાદ રચી આપે ત્યારે તે સામાજિક બની રહે છે. ચાલતાં ચાલતાં આસપાસ વિખરાયેલી પ્રકૃતિને આત્મસાત્ કરતાં અને પ્રત્યેક પગલે માનવતાના મંત્રનું રટણ થતું જાય ત્યારે ચાલવાનું સાર્થક બની જતું હોય છે. બદલાતાં જતાં સ્થળ, વાતાવરણ અને મનુષ્યોના પરિપ્રેક્ષ્યમાં નિજદર્શન કરતાં કરતાં અખિલાઇનો સ્પર્શ થતો રહે ત્યારે ચાલવાની ક્રિયા યાત્રાની ઊંચાઇ ધારણ કરે છે. બહારની યાત્રાને સમાંતરે અંદર પણ યાત્રા ચાલતી રહે છે. ભીતરની યાત્રા ચાલનારને સાધુત્વ બક્ષે છે. સાધુ ઇશ્વરપરાયણ છે. કબીરે કહ્યું છે, સાધુ રમતો રહે છે - લોકો વચ્ચે. નિસ્વાર્થ ભાવે, પરાથ કાજે. એને ડાઘ શી રીતે લાગે?

કેટલાક લોકો યાત્રામાં - પ્રવાસમાં જાય છે ને પછી એક દિવસ સામાનની સાથે પાછા ફરે છે. સામાનમાં ઉમેરો થાય છે પણ એમનામાં ખાસ કશું ઉમેરાતું નથી. કેટલીક વ્યક્તિઓ એક જ સ્થળે કાયમ રહે છે. પણ ભીંતરથી એ ચાલ્યા કરે છે. સૂક્ષ્મ રૂપે લોકોનો સંપર્ક જાળવી શકે એ સ્તરે એમનો આધ્યાત્મિક વિકાસ થતો હોય છે. એ જ સ્થળે રહી એ મન-હૃદયની વિસ્તર્યા કરે છે. સતત પ્રવાહિત રહી સૌના મેલ ધોઇ એ પોતાને પણ માંજતા રહે છે. એમને માટે કોઇ - કશું દૂર નથી હોતું કે નથી નજીક.

આ સંદર્ભે આના સમર્થનમાં કબીરની એક અન્ય સાખી જોઇએ :

બંધા પાની નિર્મલા, જો હુક ગહિરા હોય ।
સાધુ જન બૈઠા ભલા, જો કુછ સાધન હોય ॥

અર્થાત્ બાંધેલું અથવા તો રોકી રાખેલું પાણી પણ નિર્મળ હોઇ શકે છે, જો એમાં ઊંડાણ હોય તો. તે રીતે એક જગ્યાએ બેઠેલા સાધુ-સંત પણ સાત્ત્વિક અને નિરંજન હોઇ શકે, જો કે તે જપ-તપમાં રમમાણ હોય અને સાધનાની ઊંડી અનુભૂતિમાં ડૂબેલા હોય તો...

હિન્દુ પિતાનો મુસ્લિમ દત્તક પુત્ર રહેમરાહે નોકરી મેળવવા હક્કદાર છે

ભારતીય બંધારણની કલમ-૧૪-૧૫-૧૬ મુજબ ભારતીય નાગરીક સાથે જાતિ ભેદ સિવાય રોજગારી મેળવવા હક્કદાર છે, પરણિત દીકરીને પણ રહેમરાહે નોકરી મળી શકે છે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સરકારી નોકરી કરતા પિતાના મૃત્યુ પછી દયાને કારણે નોકરી મેળવાના કુટુંબીજનોના હક્કમાં હિન્દુ પિતાના દત્તક લીધેલા મુસ્લિમ પુત્ર પણ રહેમરાહે નોકરી મેળવવામાં હક્કદાર બને છે.

રાજસ્થાન હાઇકોર્ટના અતિ મહત્ત્વના ચુકાદા મુજબ જસ્ટીસ વિનીત કોઠારીએ સોજત નિવાસી મુખ્તાર અહેમદની અરજી અંગે આ મહત્ત્વનો ચુકાદો આપેલ.

શિક્ષણ વિભાગમાં નોકરી કરતાં ફળકુદીને મુસ્લિમ પર્સનલ લો સરીયત મુજબ ૧૯૯૪ માં મુખ્તાર મહેમદને પોતાના પુત્ર તરીકે દત્તક લીધેલ હતો. શિક્ષણ વિભાગે જણાવ્યું હતું કે મુસ્લિમ પર્સનલ લો મુજબ શરીયતમાં દત્તક પુત્રની જોગવાઇ નથી. આથી મુખ્તાર અહેમદને રહેમરાહે નિયુકતી માટે હક્ક અધિકાર નથી. શિક્ષણ વિભાગની આદલીલને હાઇકોર્ટ મંજુબ રાખલે નહીં અને શિક્ષણ વિભાગને હાઇકોર્ટે આદેશ કરતાં જણાવ્યું હતું કે ભારતીય બંધારણ મુજબ તથા નિયુક્તિ નિયમ - ૧૯૯૬ મુજબ જાતિ અથવા વર્ગને આધારે ભેદભાવ રાખી શકાય નહી.



ભારતીય બંધારણની કલમ-૧૪, ૧૫ અને ૧૬ હેઠલ પર ભારતીય નાગરીકની સાથે જાતી ભેદ રાખ્યા સિવાય રોજગારી આપવાની જોગવાઇ છે. જે મુજબ પણ મુખ્તાર અહેમદ રહેમરાહે નોકરી મેળવવા હક્કદાર છે.

આ ઉપરાંત પરિણીત દીકરીને પણ પિતાના મૃત્યુબાદ રહેમરાહે નોકરી મેળવવા હક્કદાર છે.

સરાકરી નોકરી કરતા પિતાના મૃત્યુ બાદ દયાના ધોરણે રહેમરાહે નિયુક્તિ માટે કુટુંબીજનોના હક્કમાં લગ્ન કરીને સાસરે ગયેલ દીકરી પણ એટલી જ સહભાગી છે. મૃતક પિતાની અપરણિત પુત્રીને જે રીતે રહેમરાહે નોકરી આપવામાં આવે છે તે જ રીતે પરિણીત દીકરીને પણ પિતાના મૃત્યુ બાદ રહેમરાહે નોકરી મેળવવા હક્ક અધિકાર છે. પરંતુ એજ હક્ક પરણીને સાસરે ગયેલી દીકરીને નકારવો એ અસમાનતાના અધિકારનો, સરકારી નોકરી બાબતમાં અવસર (તક) ની સમાનતાનો અને જીવન જીવવાનો અધિકાર જે બંધારણની મુળભૂત હક્ક તરીકે આપ્યો છે. તેનો ભંગ ગણાય. મુંબઇ અને વડી અદાલતે ૨૯ વર્ષની સ્વાતી કુલકર્ણીની અરજીના ચુકાદામાં જણાવ્યું છે કે મહારાષ્ટ્રના સિંચાઇ ખાતાએ સ્વાતીના પિતાના મૃત્યુ બાદ 'દયાને ધોરણે' સ્વાતીને નોકરી આપવાનો ઇન્કાર કરેલ અને જણાવેલ કે અરજદાર પરણિત છે અને સાસરે રહે છે તેથી રહેમરાહે નોકરી મેળવવા માટે હક્ક અધિકાર ધરાવતી નથી. સિંચાઇ વિભાગની આ દલીલને મુંબઇ વડી અદાલતે માન્ય ના રાખતા સ્વાતી કુલકર્ણીને રહેમરાહે નોકરી આપવાની અરજી માન્ય ગણી સિંચાઇ વિભાગને સ્વાતી કુલકર્ણીને લાયકાતના ધોરણે યોગ્ય નિયુક્તિ રહેમરાહે નોકરીની અરજી લાગત અન્ય અરજદારને મળતા લાભ મુજબ આપવા હુકમ કરેલ.

સિંચાઇ વિભાગે આવો અધિકાર માત્ર પરણીત દીકરીને જ છે તેવી દલીલ કરતા સદર દલીલને પણ ના. વટી અદાલતે અમાન્ય ગણેલ જે સિંચાઇ વિભાગે ૧૯૯૪ ના ઓકટોબર માસના ઠરાવ (જીઆર) ને ટાંકી સ્વાતી કુલકર્ણીની અરજી નામંજૂર કરેલ સ્વાતી કુલકર્ણીના પિતા સિંચાઇ વિભાગમાં ટપકમાં નોકરી ઉપર હતા તે દરમિયાન મૃત્યુ પામ્યા હતા. તેમના વારસદાર તરીકે "દયાને ધોરણે" અપાતી નોકરી કરવાની સ્વાતીની માતા અને બહેનને જ ઇચ્છા ન હતી. તેથી સ્વાતીએ માતા અને બહેનની સંમતિ સાથે પોતાના પિતાની જગ્યાએ રહેમરાહે 'દયાને ધોરણે' નોકરી મેળવવા અરજ કરતાં સિંચાઇ વિભાગે ૧૯૯૪ ના જી.આર. ને સંદર્ભ તરીકે લઇ સ્વાતી કુલકર્ણીની અરજ નામંજૂર કરેલ જે સામે સ્વાતી કુલકર્ણીને ના. મુંબઇ વડી અદાલતમાં પીટીશન કરતા ના. વડીલ અદાલતે માત્ર પરણિત હોવાથી અરજદારને રહેમરાહે નોકરી મેળવવાના હક્ક અધિકાર જતા રહેતા નથી તેવા હુકમ કરી અરજદારને નોકરી આપવા માટે સિંચાઇ વિભાગને હુકમ કરેલ.

આ ચુકાદાથી રહેમરાહે નોકરી મેળવવા માટેના આવા કેટલાય કિસ્સામાં ગાઇડલાઇન સાબિત થશે.

મોટા ભાગે સંબંધીઓ સાથેનું માણસનું વર્તન ગણતરીભર્યું હોય છે, એક વ્યવહાર સમાન, એટલે સંબંધી ઘસાય તેટલું જ ઘસાવું, સંબંધી જેવો વ્યવહાર રાખે તેવો જ રાખવો આવી બધી ગણતરીઓને લીધે સંબંધમાં મધુરતા જળવાતી નથી!

જીવન પાથેય

સંકલન : મધુસૂદન ગાંધી

સંપાદક : અમર પંડિત

● સંબંધોનું સાતત્ય, મર્યાદા અને સલામતી...

'સંબંધ'નો અર્થ થાય છે. 'સારી રીતે બંધાવું.' અહીં બંધાવું એટલે સંબંધ અને સંબંધીની શાન સાચવી, વર્તવું - એવો ભાવ છે. સંબંધ એ બંધન નથી, પણ સ્વાર્થમાંથી મુક્તિ છે, એવી વાત જે સમજે અને આચરે એનો સંબંધ ચિરંજીવ બને છે.

સામાન્ય રીતે 'સંબંધ'ને માણસ અધિકારની દૃષ્ટિએ મૂલવે છે. સંબંધને 'સાધના' ગણી અડધી રાતે કામ આવવાની શરત સંબંધીને પાળવી જ જોઇએ, એવો વણલખ્યો સિદ્ધાન્ત સ્વીકારીને માણસ ચાલતો હોય છે અને ઉપયોગિતા તેમજ અપેક્ષાઓ મુખ્ય બની જાય છે.

સંબંધી બનવું એ 'વ્રત' છે, એ વાત આપણે ભૂલી જઇએ છીએ. 'વ્રત' માં પવિત્રતા જાળવવી પડે, આત્મશુદ્ધિ કરવી પડે, જાગરણ કરવું પડે, વ્રત-ભંગ ન થાય તે માટે જાગ્રત રહેવું પડે અને મોજ-શોખના આકર્ષણ પરત્વે સંયમ દાખવવો પડે, કષ્ટ સહેવું પડે અને મનની શાંતિ જાળવવી પડે.

સંબંધ પણ એક 'સાધના' છે એવું આપણે સ્વીકારવા તૈયાર હોતા નથી. એટલે ઉતાવળે સંબંધ બાંધવો, જળવાય તો જાળવવો અને તૂટવાનું કારણ મળે તો એકાદ ઝાટકે તોડી નાખવાની ઉતાવળ દાખવવી, એમ માનીને લોકો સંબંધ ટકે ત્યાં સુધી ટકાવતા હોય છે. સંબંધ એક નાજુક છોડ છે જેને વિકસાવવા માટે લાગણીનું ખાતર, આત્મીયતાનું જળને પ્રેમના પ્રકાશની નિઃસ્વાર્થપણે લહાણી કરવા તૈયાર રહેવું પડે છે. સંબંધનો આંબો ઝટ કેમ કેરી આપતો થઇ જાય, એવી ગણતરી દાખવશો તો તમારા હાથમાં 'ખટાશ' આવશે, 'મિઠાશ નહીં.'

મોટા ભાગે સંબંધીઓ સાથેનું માણસનું વર્તન ગણતરીભર્યું હોય છે. એક વ્યવહાર સમાન, એટલે સંબંધી ઘસાય તેટલું જ ઘસાવું, સંબંધી જેવો વ્યવહાર રાખે તેવો જ રાખવો આવી બધી ગણતરીઓને લીધે સંબંધમાં મધુરતા જળવાતી નથી!

આસાન અપની મૌત સે કોઇ બશર નહીં ।
સામાન સૌ બરસ કા ઔર પલ કી ખબર નહીં ॥

● ગેરસમજની સમજણ

મોહબ્બતમાં હવે મારો પરિચય આ પ્રમાણે છે,
અજાણ્યો થઇ ગયા છે એ મને જે ખાસ જાણે છે

- બરકત વીરાણી 'બેફામ'

સંબંધો દરિયા જેવા છે, સંબંધોમાં પણ ભરતી અને ઓટ આવતી રહે છે. દરિયાની ભરતી અને ઓટ તો પ્રાકૃતિક કારણોથી ચાલતી રહે છે, પણ સંબંધોનાં ચડાવ ઉતાર માણસો પોતાની સમજણથી નિયંત્રિત કરવા પડે છે. જે સંબંધોમાં સમજ હોય ત્યાં જ ગેરસમજની શક્યતાઓ રહે છે. પોતાની વ્યક્તિથી ક્યારેક કોઇ ભૂલ, ગેરવર્તન કે દુર્વ્યવહાર થાય ત્યારે માણસને સૌથી વધુ દુઃખ થાય છે. આપણને જેના પર પ્રેમ અને લાગણી હોય તેનું નાનું સરખું ગેરવર્તન પણ આપણાથી સહન થતું નથી. આપણો વિરોધી કે દુશ્મન કંઇક બુરૂં કરે ત્યારે આપણને બહુ દુઃખ થતું નથી કારણ કે આપણું મન તેના માટે તૈયાર હોય છે. સંબંધ હોય ત્યાં અપેક્ષાઓ હોવાની જ છે. દરેક સંબંધમાં સ્વાર્થ નથી હોતો, છતાં પણ આપણને આપણી વ્યક્તિ પાસેથી ફેવર, સંમતિ અને સહયોગની અપેક્ષા તો હોય જ છે.

રિલેશનશીપ વિશે થયેલા સ્ટડીમાં બહાર આવ્યું છે કે દોસ્તી બાદ થયેલી દુશ્મની વધુ તીવ્ર અને ઉગ્ર હોય છે. દુશ્મન સાથે માણસ કદાચ ખેલદિલીપૂર્વક લડી શકે પણ દોસ્તમાંથી દૂશ્મન બનેલી વ્યક્તિ સાથેની દુશ્માનવટમાં વધુ કટુતા આવી જાય છે. દુશ્મનોના ઘા કરતાં દોસ્તનો નાનકડો દગો વધુ આકરો લાગે છે.

પોતાના વ્યક્તિનું માણસને ખોટું લાગે ત્યારે એ માણસ મનમાંને મનમાં એ વાત ઘૂંટ્યે રાખે છે. બહુ ઓછા લોકો એવા હોય છે જે પોતાના મિત્ર કે સ્વજનને મોઢામોઢ એવું કહી દે કે, તમારી આ વાત યોગ્ય નથી કે તમારૂં વર્તન મને ગમ્યું નથી. ઘણી વખત આપણને કંઇક ખોટું લાગી જાય છે અને જેનું ખોટું લાગ્યું હોય એને અણસાર પણ હોતોન નથી. સાચી વાત એ છે કે તમને તમારી નજીકના વ્યક્તિનું ખોટું લાગ્યું હોય તો તેને મનમાં ને મનમાં ભરી ન રાખો. બહુ જ નિખાલસતાપૂર્વક અને સહજ રીતે તમારા મનની વાત કરી દો. બનવાજોગ છે કે, તમે કોઇ વાત જે રીતે સમજ્યા હોય એવું કહેવાનો સામા માણસનો ઇરાદો ન હોય. આપણે ઘણી વખત સામેની વ્યક્તિની વાત આપણા મીટરથી જ માપતાં હોઇએ છીએ અને જાણે - અજાણે આપણે જ કોઇની વાતનો સાચો-ખોટો અર્થ કાઢી લેતા હોઇએ છીએ.

મેં ફૂલને મુજ પ્રિત કેરી વાત ધીરેથી કીધી,
કિન્તુ અરે! એણે બધી પરિમલ કરી વેરી દીધી.